\

**પ્રાથમિક શિક્ષકોને પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવાની વિસંગતતાઓ દૂર કરવા બાબત.**

**ગુજરાત સરકાર**

**શિક્ષણ વિભાગ**

ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૨૦૧૩/૬૩૯૦૭૭/ક,

સચિવાલય, ગાંધીનગર

તા.૦૨/૧૨/૨૦૧૪

**વંચાણે લીધોઃ-**

(૧) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંકઃપગર/૧૧૯૪/૪૫/મ તા.૧૬/૦૮/૧૯૯૪

(૨) શિક્ષણ વિભાગનો પરિપત્ર ક્રમાંકઃપીઆરઇ/૧૩૯૪/૧૩૮૬/ક તા.૧૨/૧૨/૧૯૯૫

(૩) શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃકે/એસએચ/૧/પીઆરઇ/૧૧૨૦૦૦/૬૩૨/ક તા.૦૩/૦૧/૨૦૦૪

(૪) શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંકઃપીઆરઇ/૧૪૦૯/સી.સી.-૧૪૨/ક-પાર્ટ ફાઇલ તા.૧૭/૧૨/૨૦૧૧

(૫) શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃજીએસ/એસએચ/૨/પીઆરઇ/૧૧૧૧/સીગલ ફાઇલ/૩/ક તા.૧૮/૧/૨૦૧૨

(૬) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરની તા.૨/૯/૨૦૧૩ ની સિંગલ ફાઇલ નં.૧૬/૨૦૧૩ પરની દરખાસ્ત.

**આમુખઃ-**

**નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃપગર/૧૧૯૪/૪૫/મ તા.૧૬/૮/૧૯૯૪ થી પ્રાથમિક શિક્ષકોને ૯, ૨૦ અને ૩૧ નું ઉચ્ચતર પગાર ધોરણ આપવાનું ઠરાવેલ છે.**

ભારત સરકારના બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણના અધિકાર અધિનિયમ-૨૦૦૯ નો અમલ રાજ્ય સરકારે તા.૧/૪/૨૦૧૦ થી કરેલ છે. રાજયમાં પ્રાથમિક શિક્ષણમાં ધોરણ-૧ થી ૫ ને પ્રાથમિક શિક્ષણ અને ધોરણ-૬ થી ૮ ને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ એમ બે વિભાગમાં વિભાજન કરેલ છે. પ્રાથમિક શિક્ષક માટે ધોરણ-૧૨ અને પી.ટી.સી. તથા ઉચ્ચ પ્રાથમિક શિક્ષક માટે સ્નાતક અને પી.ટી.સી./બી.એડ.ની લાયકાત નિયત કરવામાં આવેલ છે. રાજ્ય સરકાર ધ્વારા વર્ષ-૨૦૧૨ થી રાજયની પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષકની અલગ કેડર ઉભી કરવામાં આવેલ છે. શિક્ષણ વિભાગના તા.૧૮/૦૧/૨૦૧૨ ના જાહેરનામા ક્રમાંકઃજીએચ/એસએચ/૨/પીઆરઇ/૧૧૧૧/સીંગલ ફાઇલ/૩/ક મુજબ પ્રાથમિક શિક્ષકમાંથી મુખ્ય શિક્ષક તરીકે બઢતી મેળવવા માટે સ્નાતક અને બી.એડ. અથવા પી.ટી.સી. તથા પાંચ વર્ષનો વિદ્યાસહાયક અથવા શિક્ષક તરીકેનો અનુભવ અને મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી (HTAT) પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ તેવી જોગવાઇ કરેલ છે.

નાણા વિભાગના તા.૧૬/૮/૧૯૯૪ ના ઠરાવની જોગવાઇ મુજબ કોઇ પણ પ્રાથમિક શિક્ષ ઉચ્ચત્તર પગાર મેળવવા માટે બઢતીની જગ્યા માટે નિયત કરેલ શરતો પરિપૂર્ણ કરવી જરૂરી છે.

મુખ્ય શિક્ષક તરીકે બઢતી મેળવવાનું પ્રાથમિક શિક્ષકો માટે ફરજીયાત કરેલ નથી. મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી આપવી પણ ફરિજીયાત નથી.

બઢતી માટે જો પરીક્ષા આપવાની જોગવાઇ કરેલ હોય તો જ તે પરીક્ષા પાસ કરવાની થાય છે. અને ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મળી શકે છે. આ જોગવાઇને કારણે પ્રાથમિક શિક્ષકોને આપેલ ઉચ્ચતર પગાર ધોરણ લોકલફંડ નિરીક્ષક ધ્વારા મંજુર કરવામાં આવતુ નથી.

પ્રાથમિક શિક્ષકોને ત્રણ ઉચ્ચતર પગાર ધોરણ મળવાની જોગવાઇ છે. ઉચ્ચતર પગાર ધોરણ માટે કોઇ ખાતાકીય પરીક્ષા નથી જયારે મુખ્ય શિક્ષક બનવા નિયત કરેલ HTAT આપવી પડે છે પરંતુ HTAT ખાતાકીય પરીક્ષા નથી તેમજ તમામ શિક્ષકને મુખ્ય શિક્ષકની બઢતી મળવાપાત્ર પણ થતી નથી. એટલે મુખ્ય શિક્ષકના ભરતી નિયમો મુજબની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય અને HTAT પરીક્ષા પાસ કરી હોય તેવા જ શિક્ષકો બઢતીને પાત્ર ઠરે છે. જેથી આ જગ્યાએ શિક્ષક માટેની બઢતી જગ્યા ગણી HTAT પાસ ન કરનાર શિક્ષકોના ઉચ્ચતર પગાર ધોરણો લોકલફંડ નિરીક્ષક ધ્વારા મંજુર કરવામાં આવતા નથી.જેના કારણે શિક્ષકોમાં અસંતોષની લાગણી ઉભી થવા પામી છે. તેથી પ્રાથમિક શિક્ષકને પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાની બાબતે નિયામકશ્રીના વંચાણે લીધેલ ક્રમઃ(૬)અન્વયે મળેલ દરખાસ્ત અનુસંધાને કાળજીપૂર્વકની વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવઃ-**

મુખ્ય શિક્ષકની જગ્યા પ્રાથમિક શિક્ષક માટે ફરજીયાત બઢતીની જગ્યા નથી આથી જે પ્રાથમિક શિક્ષક, મુખ્ય શિક્ષકની જગ્યાપર બઢતી મેળવવા માંગે છે તે પ્રાથમિક શિક્ષકે જ આ પરીક્ષા પાસ કરવાની રહેશે એટલે કે, મુખ્ય શિક્ષકની પરીક્ષા પણ ફરિજીયાત ન હોય, જે પ્રાથમિક શિક્ષક આ પરીક્ષા પાસ કરેલ નથી તેમના ઉચ્ચતર પગાર ધોરણનો લાભ રોકી શકાય નહી.

પ્રાથમિક શિક્ષકના બઢતીની જગ્યા મદદનીશ નિરીક્ષક છે અને તેની પૂરક જગ્યામાં માત્ર પ્રાથમિક શિક્ષક સંવર્ગ છે. વિભાગના તા.૩/૦૧/૨૦૦૪ ના ભરતી નિયમો મુજબ પણ માત્ર પ્રાથમિક શિક્ષક જ શિક્ષણ નિરીક્ષક તરીકે બઢતી મેળવાપાત્ર થાય છે. નવી ઉભી થયેલ મુખ્ય શિક્ષકની જગ્યા, મદદનીશ શિક્ષક નિરીક્ષકની પૂરક જગ્યામાં ન હોય, મુખ્ય શિક્ષક, મદદનીશ શિક્ષણ નિરીક્ષક તરીકે બઢતી મેળવવા પાત્ર થશે નહીં. તેમજ મુખ્ય શિક્ષકને મદદનીશ શિક્ષણ નિરીક્ષકનું પગાર ધોરણ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે મળવાપાત્ર થશે નહી. જે પ્રાથમિક શિક્ષકે મુખ્ય શિક્ષક તરીકે બઢતી મેળવી છે તે પ્રાથમિક શિક્ષક હવે મુખ્ય શિક્ષક હોઇ, તેને ઉપર જણાવ્યું છે તેમ મુખ્ય શિક્ષકની જગ્યા મદદનીશ શિક્ષણ નિરીક્ષકની પુરક જગ્યામાં ન હોઇ, મુખ્ય શિક્ષકને મદદનીશ શિક્ષણ નિરીક્ષકનું પગાર ધોરણ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે મળવાપાત્ર થશે નહી.

નાણા વિભાગના તારીખ:૧૬/૦૮/૧૯૯૪ ના ઠરાવથી સુધારેલ ઉચ્ચતર પગાર ધોરણ યોજના અન્વયે આમુખમાં દર્શાવેલ બાબત પરત્વે કાળજી પૂર્વકની વિચારણાના અંતે મુખ્ય શિક્ષક બનવા નિયત કરેલ (HTAT)શિક્ષક અભિયોગ્યતા કસોટી ખાતાકીય પરીક્ષા ન હોય HTAT પાસ ન કરેલ હોય તેવા પ્રાથમિક શિક્ષકોને ૯(નવ) વર્ષ પૂર્ણ થયા બાદ પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મેળવવાને પાત્ર ગણાશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૬/૧૧/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

**ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમનાં નામે,**

(એસ.એમ.મીસ્ત્રી)
સંયુક્ત સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી,રાજભવન,ગાંધીનગર
- માન.મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓ
- તમામ સચિવશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
- અગ્રસચિવશ્રી(ટે.શિ.)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
- કમિશ્નરશ્રી,શાળાઓની કચેરી,ગુજરાત રાજય,ગાંધીનગર
- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી,સર્વ શિક્ષા અભિયાન,સેકટર-૧૭,ગાંધીનગર.
- સચિવશ્રી,ગુજરાત મા.અને ઉ.માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી,રાજકોટ/અમદાવાદ
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી.
- તમામ જિલ્લા પ્રા.શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રી.
- સર્વે શાસનાધિકારીશ્રી,મહાનગરપાલિકા/નગરપાલિકા
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રી
- પગાર અને હિસાબ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- નિરીક્ષકશ્રી,સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજય,ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી/સીલેકટ ફાઇલ
- કોમ્પ્યુટર સેલ( વેબ સાઇટ મૂકવા સારૂ),શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.